# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૬ (C) તા.૧૮-૯-૧૭

**ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-**

**વિષય :- તા.૧૮-૯-૧૭ થી તા.૨૯-૯-૧૭ સુધીના મતદાર જાગૃતિ અભિયાન ઉજવણી બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર હાલ મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન(સ્વીપ) કાર્યક્રમ-૨૦૧૭ ચાલી રહ્યો છે. આથી વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા લાયક ૧૮ વર્ષથી ઉપરના મતદારોમાં મતદાર જાગૃતિ કેળવાય તે હેતુથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં પોતાના વાલીને આ બાબતે જાગૃત કરવા સૂચના આપવી.

હાલમાં તા.૧૮-૯-૨૦૧૭ થી તા.૨૯-૯-૨૦૧૭ સુધી મતદાર જાગૃતિ અંગે પખવાડીયાની ઉજવણી ચાલી રહી છે. જેમાં વિભાગ-૨ કાર્યક્રમ અંતર્ગત ૧૮ થી ૩૦ વર્ષની વયના મ્યુનિ. શાળાના શિક્ષકો, વિદ્યાસહાયકો, પ્રવાસી શિક્ષકો તેમજ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નિમાયેલ સ્ટાફ (કે જેઓ મતદાર તરીકે નોંધાયેલ હોય )નીચે મુજબની ત્રણ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.

૧. પોસ્ટર / મેસ્કોટ ડિઝાઈન (લોકકલા આધારિત)

૨. કાર્ટુન-ઈન્ફોગ્રાફીકસ(ડીજીટલ)

૩. નાટકની સ્ક્રીપ્ટ(૧૦ મીનીટ)

ઉપરોકત સ્પર્ધાઓ જેતે ઝોનના યુ.આર.સી.કેન્દ્રો ઉપર તા.૨૨-૯-૧૭ના રોજ સવારે ૯-૦૦ કલાકે યોજવામાં આવશે તેમજ ઝોન કક્ષાએ પસંદ થયેલ પ્રથમ ત્રણ કૃતિ જિલ્લા કક્ષાએ મોકલવામાં આવશે.

બિડાણ :- યુવા મતદાર મહોત્સવ-૨૦૧૭ની સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર.

તા.૧૮-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૭ની સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર

સ્પર્ધકનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧. | સ્પર્ધકનું નામ | |
| | પિતા / પતિનું નામ | |
| | અટક | |
| ૨ | સ્પર્ધકનું પૂરૂ સરનામું | |
| ૩ | સ્પર્ધકનો સંપર્ક નંબર / ઈ–મેઈલ એડ્રેસ | Land Line No. |
| | | Mob No. |
| | | e-mail |
| ૪ | જન્મ તારીખ | |
| | તા. ૧–૧–૨૦૧૮ના રોજ ઉંમર | |
| ૫ | મતદાર તરીકે નોંધણી થયેલ છે કે કેમ? | |
| | જો હા તો, | |
| | મતદાર ફોટો ઓળખકાર્ડનો નંબર | |
| | હાલ કયા વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ છો તે મતવિભાગનું નામ | |
| ૬ | કઈ કેટેગરીમાં કૃતિ રજૂ કરવાની છે. | કેટેગરી–I વિદ્યાર્થી |
| | | કેટેગરી–II મતદાર |
| | વિદ્યાર્થી સ્પર્ધકની વિગતો : | |
| | • શૈક્ષણિક સંસ્થાનું નામ | |
| | • શૈક્ષણિક સંસ્થાનું પુરૂ સરનામું | |
| | • સંસ્થાનો સંપર્ક નંબર | |
| | મતદાર સ્પર્ધક માટેની વિગતો : | |
| | • શૈક્ષણિક લાયકાત | |
| | • નોકરી / ધંધો / વ્યવસાય | |
| | • નોકરી, ધંધો , વ્યવસાયની વિગત | |
| | • નોકરી, ધંધો , વ્યવસાયનું સરનામું | |
| ૮ | રજૂ કરવામાં આવનાર કૃતિ વ્યક્તિગત કે જૂથમાં | વ્યક્તિગત / જૂથમાં |
| • | જો કૃતિ લોકકળા આધારિત હોયતો તેની વિગત | |

PTO